**આંક– ૩૯ નીચે હુકમ**

હાલની આ અરજી પ્રતિવાદી તરફે આપવામાં આવેલી છે અને તેમની આ અદાલતની હકુમત નથી તેવુ જણાવેલ છે.

આ અરજી આવતા વાદી તરફે નીચે મુજબ નો જવાબ આપેલ છે.

આ કામના પ્રતિવાદીની અરજ ખરી નથી અને અમોને કબુલ નથી .આ કામના પ્રતિવાદીની અરજમાં અમો વાદીના હકક હિત વિરૂધ્ધ જણાવેલ હોઈ હકીકત ખરી નથી તેમજ અમોને કબુલ નથી.આ કામના પ્રતિવાદીએ કરેલ આ અરજ કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી માટે રદ કરવા પાત્ર છે.આ કામના પ્રતિવાદીને આ અને આવા સ્વરૂપની અરજ કરવાનો અધિકાર નથી.આ કામના પ્રતિવાદીનું વાદી ટ્રસ્ટમાં કોઈ હિત નથી તેથી આ કામના પ્રતિવાદીની અરજ રદ કરવા પાત્ર છે.

આ કામના પ્રતિવાદીએ અમો વાદીએ તા. ૧૦–૧૨–૨૦૨૨ ના રોજ રજી. પો.એ.ડી.થી નોટીસ આપી તેમના ટેનન્સી ટર્મીનેટ કરેલ, હોવા છતાં પ્રતિવાદીઓ દાવાવાળી દુકાન ખાલી કરી તેનો કબજો અમો વાદીને સોંપેલ નથી, આ કામના પ્રતિવાદી દાવાવાળી દુકાનમાં ટ્રેસ પાસર છે. આ કામના પ્રતિવાદીની કોઈ રજુઆત ધ્યાને લઈ શકાય તેમ નથી.

અમો વાદીનો દાવો ટ્રસ્ટના વહીવટ અંગેનો નથી તેમજ ટ્રસ્ટના ઉદેશો અને ઉદેશોના ભંગ વિશેનો નથી.

આ કામના પ્રતિવાદીએ ભાડે આપેલ ટ્રસ્ટની દુકાન અંગે કરી આપેલ ભાડા ચિકીના લખાણથી વિપરીત વર્તન કરેલ દાવાવાળી દુકાનનો ખાલી પ્રત્યક્ષ કબજો પ્રતિવાદી પાસેથી મેળવવા માટે સી.પી.સી. ની કલમ ૯૨ માં કરવામાં આવેલ જોગવાઈ આ તબકકે લાગુ પડતી નથી.

આ કામના પ્રતિવાદીએ કરેલ આ અરજ શુધ્ધબુધ્ધિની નથી જેથી રદ કરવા પાત્ર છે.આ કામના પ્રતિવાદીની અરજીના પેરા–(૧) અને પેરા (૨) વિશે મહત્વની કોઈ તકરાર નથી.

આ કામના પ્રતિવાદીની અરજના પેરા (૩) માં જણાવ્યા પ્રમાણે તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ દાવાના લેખિત જવાબના પેરા (૨) થી (૫) માં જણાવ્યા પ્રમાણે અમો વાદીએ સત્ય હકીકતો છુપાવી દાવો કરેલ હોવાની હકીકત ખરી નથી અને અમોને કબુલ નથી.

આ કામના પ્રતિવાદીની અરજના પેરા (૪) માં જણાવ્યા પ્રમાણે સી.પી.સી.ની કલમ ૧૨ અને દિવાની કાર્યરીતિ અધિનિયમની કલમ ૯૨ ની જોગવાઈઓ મુજબ આ દાવો ચલાવવાની અને સાંભળવાની આપ નામદાર કોર્ટને હકુમત ન હોવાની હકીકત ખરી નથી.આ કામના પ્રતિવાદીની અરજીના પેરા (૫) માં જણાવ્યા પ્રમાણે તમામ સંજોગો, હકીકતો નિગાહમાં લઈ આ તબકકે હકુમતનો મુદો કાઢી, હકુમતના મુદે દાવાનો સત્વરે નિર્ણય કરવાની જરૂર હોવાની હકીકત ખરી નથી તેમજ કાયદેસરની નથી.

આ અદાલતે લેખીત રજુઆત નો આગ્રહ રાખેલ છે અને આ કામે આંક– ૪૩ થી પુરસીસ આવેલ છે અને જાહેર કરેલ છે કે તેઓની અરજી છે તે જ તેઓની દલીલ છે.

આ કામે વાદી એ લેખીત દલીલો રજુ રાખેલ છે જે નીચે મુજબ છે અને આ લેખીત દલીલો સાથે વાદી એ સાઈટેશન રજુ રાખેલ છે.જે વંચાણે લીધુ તથા લક્ષ માં લીધુ.

HIGH COURT OF GUJARAT

NADIAD NAGARPALIKA, NADIAD

*Versus*

VITHALBHAI ZAVERBHAI PATEL

**Case No: 1139 of 1879 Date of Decision:** 08 January 1980 **Citation:** 1980 Law Suit(Guj) 2 ઉપરોકત સાઈટેશન લક્ષ માં લીધુ અને વંચાણે લીધુ.

હાલનો આ દાવો નો આંક–૧ ની દાદ તથા આંક–૧ લક્ષ માં લેવામાં આવે તો તેમાં જણાવ્યા મુજબ આ દાવા માં સમાવેશ થતી મિલ્કત તે વી.પી.ભીલાડવાળા સંસ્કૃત પાઠશાળા એ ટ્રસ્ટ ની છે તેવુ પ્રથમ દર્શનીય જણાય છે.આ દાવો દાખલ કરનાર વાદીઓ તે ટ્રસ્ટી તરીકે દાવો દાખલ કરેલ છે અને કોઈ વાદી તેના દાવાના ડ્રાફટીંગ અને પ્લીડીંગ ની બહાર જઈ શકે નહી.

સી.પી.સી.કલમ ૯૨ લક્ષ માં લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

Public charities. (1) In the case of any alleged breach of any express or constructive trust created for public purposes of a charitable or religious nature, or where the direction of the Court is deemed necessary for the administration of any such trust, the Advocate-General, or two or more persons having an interest in the trust and having obtained the leave of the Court, may institute a suit, whether contentious or not, in the principal Civil Court of original jurisdiction or in any other

Court empowered in that behalf by the State Government within the local limits of whose jurisdiction the whole or any part of the subject-matter of the trust is situate to obtain a decree-

(a) removing any trustee;

(b) appointing a new trustee;

(c) vesting any property in a trustee;

(cc) directing a trustee who has been removed or a person who has ceased to be a trustee, to deliver possession of any trust property in his possession to the person entitled to the possession of such property;

(d) directing accounts and inquiries:

(e) declaring what proportion of the trust property or of the interest therein shall be allocated to any particular object of the trust;

(1) authorising the whole or any part of the trust property to be let, sold, mortgaged or exchanged;

(g) settling a scheme; or

(h) granting such further or other relief as the nature of the case may require.

(2) Save as provided by the Religious Endowments Act, 1863 (20 of 1863), or by any corresponding law in force in the territories which, immediately before the 1st November. 1956, were comprised in Part B States, no suit claiming any of the reliefs

specified in sub-section (1) shall be instituted in respect of any such trust as is therein referred to except in conformity with the provisions of that sub-section.

(3) The Court may alter the original purposes of an express or constructive trust religious nature and allow created fof such trust or any portion thereof to be applied cypres in one or more of the following circumstances, namely:-

(a) where the original purposes of the trust, in whole or in part.-

(1) have been, as far as may be, fulfilled, or

(ii) cannot be carried out at all, or cannot be carried out according to the directions given in the instrument creating the trust or, where there is no such instrument, according to the spirit of the trust; or

(b) where the original purposes of the trust provide a use for a part only of the property available by virtue of the trust; or

(c) where the property available by virtue of the trust and other property applicable for similar purposes can be more effectively used in conjunction with, and to that end can suitably be made applicable to any other purpose, regard

being had to the spirit of the trust and its applicability to common purposes; or

(d) where the original purposes, in whole or in part, were laid down by reference to an area which then was, but has since ceased to be, a unit for such purposes; or

(e) where the original purposes, in whole or in part, have, since they were laid down,-

(i) been adequately provided for by other means, or

(ii) ceased, as being useless or harmful to the community, or

(iii) ceased to be, in law, charitable, or

(iv) ceased in any other way to provide a suitable and effective method of using the property available by virtue of the trust, regard being had to the spirit of the trust.

વધુમાં આ કલમ લક્ષ માં લેવામાં આવે તો તેમાં પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ ને ઓરીજનલ જયુડીકશન કહેવામાં આવેલ છે.હાલનો આ દાવો તે આ અદાલત માં ચાલે છે.ગુજરાત સીવીલ કોર્ટ એકટ ની કલમ ૧૨ નીચે મુજબ છે.

(1) A Court of District Judge shall be the principal civil court of original jurisdiction within the local limits of its jurisdiction.

(2) Subject to the provisions of the Code, the jurisdiction of a court of District Judge shall

extend to all original suits and proceedings of a civil nature.

(3) A Court of District Judge shall, subject to the general control of the High Court, have control over all other civil courts within the local limits of its jurisdiction.

આમ હાલનો આ દાવો તે ટ્રસ્ટ ની મિલ્કત ભાડે આપેલી છે તે સબંધે ખાલી કબજો મેળવવા અને દરમયાન ઉપજ માંગેલ છે અને આ મિલ્કત જે તે સમયે ટ્રસ્ટે આ કામના પ્રતિવાદી ને ભાડે આપેલ અને નોટીસ આપી ભાડુઆત નો હક રદ કરેલ છે એટલે કે ટ્રસ્ટ ની મિલ્કત ને લગત દાવો છે તે પ્રથમ દર્શનીય જણાઈ આવે છે.આ કામે વાદી તરફે રજુઆત છે કે આ દાવો ટ્રસ્ટ ની મિલ્કત નો નથી અને કલમ ૯૨ આ દાવા ને લાગુ પડે નહી તે દલીલ લેખીત માં પણ દર્શાવેલ છે.તે સબંધે અદાલત નુ મંત્વય છે કે સીવીલ પ્રોસીઝર કોડ તે સીવીલ દાવાઓ ચલાવવા માટે નો પ્રોસીઝર લો છે અને તેની કલમ ૯૨ લક્ષ માં લેવામાં આવે તો હાલનો આ દાવો ટ્રસ્ટ ની મિલ્કત ને લગત નો છે તેવુ પ્રથમ દર્શનીય જણાઈ આવે છે.વધુમાં ગુજરાત સીવીલ કોર્ટ એકટ કલમ ૧૨ લક્ષ માં લેવામાં આવે તો પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ ની વ્યાખ્યા કરવામાં આવેલ છે અને તે લક્ષ માં લેવામં આવે તો પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ ની કોર્ટ ને પ્રિન્સીપાલ સીવીલ જજ દર્શાવેલ છે.એટલે કે આ હાલનો આ દાવો ચલાવવા માટે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ એટલે કે પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી ને સત્તા રહેલી છે અને આ અદાલત ને આ દાવો

ચલાવવા સત્તા રહેતી ન હોય ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ હુકમ કરુ છુ.

**હુકમ**

હાલની આ અરજી મંજુર કરુ છુ અને આ દાવો હકુમતવાળી કોર્ટમાં રજુ કરવા પરત આપુ છું વધુમાં ફરમાવુ છુ કે હાલનો આ દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૦ અન્વયે હકુમત ના બાબતે આ અદાલત ને સત્તા ન હોય યોગ્ય તે હકુમત એટલે કે સીવીલ કોર્ટ એકટ ની કલમ ૧૨ માં જણાવ્યા મુજબ પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ જે કોર્ટ ની હકુમત હોય તે અદાલત માં વાદી એ આ દાવો કાયદા મુજબ ની સમય મર્યાદા માં રજુ રાખવો.વધુમાં ફરમાવુ છુ કે આ કામના રેકર્ડ માંથી જે દસ્તાવેજો ને આંક પડેલ છે તે દસ્તાવેજો ને સર્ટીફાઈડ નકલ રજુ રાખેથી ઓરીજનલ દસ્તાવેજો પરત કરવા હુકમ કુર છુ.વધુમાં જે દસ્તાવેજો ને આંક પડેલ નથી તે દસ્તાવેજો ને કાચી નકલ રજુ રાખેથી પરત કરવા હુકમ કરુ છુ.એટલે કે આ દાવા ના રોજકામ સિવાય નુ તમામ નકલ વાદી એ પરત મેળવી લેવી અને જે નકલો સર્ટીફાઈડ તથા કાચી નકલ રજુ રાખવી અને તે નકલો રેકર્ડ રૂપે રીટર્ન કરેલા દાવા ના રેકર્ડ રૂપે રાખવા હુકમ કરુ છુ.

આ હુકમ આજરોજ ની ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરુ છુ.

( એમ.એસ.દવે )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
મોડાસા
કોડ નં. જી.જે.૦૦૭૬૦

તા.૧૬/૧૨/૨૦૨૫
મુ.મોડાસા